# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/212 Dt. 15/11/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ખાતે ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડ દ્વારા પીટીએ પ્રોડકટ્સ એન્ડ બિઝનેસ ઓપોર્ચ્યુનિટીઝ વિષે પ્રથમ કસ્ટમર મિટીંગ યોજાઇ

## ગેઇલનો PTA મેન્યુફેકચરીંગ પ્લાન્ટ મેંગ્લોરમાં છે, પરંતુ ઉદ્યોગોની જરૂરિયાત સમજીને તેઓ સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે વિશેષ લોજિસ્ટિકસ સપોર્ટ બનાવી રહ્યા છે : ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડના એકઝીકયુટીવ ડિરેકટર શ્રી એચ.કે. શ્રીવાસ્તવ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ટાઇ ઇન્ડિયા (સાઉથ ગુજરાત યુનિટ) અને ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડના સહયોગથી ઉદ્યોગો માટે મહત્વના પીટીએ પ્રોડકટ્સ એન્ડ બિઝનેસ ઓપોર્ચ્યુનિટીઝ વિષે બુધવાર, તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે બિઝનેસ ઇન્ટરેકશન મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, પીટીએ ટેક્ષ્ટાઇલ વેલ્યૂ ચેઇનનું અત્યંત મહત્વનું રો–મટિરિયલ છે, ખાસ કરીને પોલિએસ્ટર યાર્ન, ફાઇબર, માટે અગત્યનું છે. સુરતના એમએસએમઇ ઉદ્યોગકારોને કાચા માલની ઉપલબ્ધતા, કિંમતો, લોજિસ્ટિક્સ અને ભવિષ્યના માર્કેટ ટ્રેન્ડસ વિશે બહુ અગત્યની જાણકારી મળી રહે તે માટે આ મિટીંગ ચેમ્બર ખાતે ગોઠવાઇ હતી.

આ મિટીંગમાં ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડના એકઝીકયુટીવ ડિરેકટર શ્રી એચ.કે. શ્રીવાસ્તવ તથા શ્રી વિજય ચોકકર અને શ્રી અજય ચિત્રેએ તેઓના પ્રેઝન્ટેશનમાં ભારતમાં પીટીએ માટે વધતી ઘરેલું માંગ અને ભાવિ વૃદ્ધિની સંભાવનાઓ, ગેઇલના મેંગલોર સ્થિત પીટીએ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતાઓ તથા ગુણવત્તા ધોરણો, માર્કેટમાં પીટીએના ઉપયોગના નવા ક્ષેત્રો અને આધુનિક ટેકનોલોજી, સપ્લાય ચેઇનને વધુ અસરકારક બનાવવા માટે ગેઇલના ચાલતા અને આવનારા પ્રોજેકટ્સ અને ઉદ્યોગકારોને લોજિસ્ટિકસ ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થતી ગેઇલની વિતરણ વ્યવસ્થા વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

શ્રી એચ.કે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, સુરત સમગ્ર ભારતનું સૌથી મોટું ટેક્ષ્ટાઇલ હબ છે અને અહીં એમએસએમઇ ઉદ્યોગકારો સૌથી વધુ છે, આથી ગેઇલની પ્રથમ કસ્ટમર મીટ સુરતમાં રાખવાનો નિર્ણય લેવાયો હતો. ગેઇલનો પીટીએ મેન્યુફેકચરીંગનો પ્લાન્ટ મેંગ્લોરમાં છે અને મેંગ્લોરમાં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનમાં તેઓ વેરહાઉસ ધરાવે છે, પરંતુ ઉદ્યોગોની જરૂરિયાત સમજીને તેઓ સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે વિશેષ લોજિસ્ટિકસ સપોર્ટ બનાવી રહ્યા છે.

તેમણે વિશ્વાસ વ્યકત કર્યો કે, સુરતના ઉદ્યોગકારોને વેરહાઉસથી સુરત સુધી પીટીએની સુવિધાજનક સપ્લાય ગોઠવીને ગેઇલ તેમની બિઝનેસ જરૂરિયાતને વધુ મજબૂત રીતે સહકાર આપી શકશે. આવતા વર્ષોમાં PTA - Polyester value chain ભારતના ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટમાં વિશેષ યોગદાન આપી શકે છે અને એના માટે ઉદ્યોગ–પીએસયુ વચ્ચે સહકાર અત્યંત મહત્વનો છે. વધુમાં તેમણે સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે ઝડપથી સપ્લાય પૂરી પાડવા માટે વેરહાઉસિંગ અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કની વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા. ટાઇ ઇન્ડિયા (સાઉથ ગુજરાત યુનિટ)ના પ્રમુખ તેમજ ચેમ્બરની પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ કમિટીના ચેરમેન શ્રી નિરજ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. પ્રોગ્રામ કન્વીનર શ્રી અરવિંદ બાબાવાલાએ અતિથિઓનો પરિચય આપ્યો હતો. જ્યારે ટાઇ ઇન્ડિયા (સાઉથ ગુજરાત યુનિટ)ના માનદ્ મંત્રી શ્રી પાવન પાનવાલાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.